# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

***************************************************

1) ઓડિયો અને વિઝ્યુઅલ્સના પ્રદર્શનોને વૈશ્વિક મંચ પૂરી પાડનારી વેવ્સ સમિટનું આજે પ્રધાનમંત્રી ઉદઘાટન કરશે.

2) જાતિગત ગણતરી કરાવવાના કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણયને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિતના રાજકીય અગ્રણીઓએ આવકાર્યો.

3) પાકિસ્તાન પર એરસ્પેસના ઉપયોગ ઉપર ભારતે પ્રતિબંધ લાદ્યો.

4) ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાપના દિવસની આજે ઉજવણી.

5) IPLની મેચમાં ચેન્નાઇ સુપર કિગ્સ સામે પંજાબ કિંગ્સનો વિજય.

..............................................................................

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIA - WAVES SUMMIT

ભારત આજે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES) 2025નું આયોજન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચાર દિવસીય સમિટનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ ઓડિયો-વિઝ્યુઅલ અને મનોરંજન ઉદ્યોગના ભવિષ્યની ચર્ચા માટે એક વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડશે.'કનેક્ટિંગ ક્રિએટર્સ, કનેક્ટિંગ કન્ટ્રીઝ' ટેગલાઇન સાથેની આ સમિટ ભારતને મીડિયા, મનોરંજન અને ડિજિટલ નવીનતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાન આપવા માટે તૈયાર છે. આ સમિટ ફિલ્મો, OTT, ગેમિંગ, કોમિક્સ, ડિજિટલ મીડિયા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, બ્રોડકાસ્ટિંગ અને ઉભરતી ટેકનોલોજીને એક મંચ પર લાવશે. ભારતના મીડિયા અને મનોરંજન કૌશલ્યનું વૈશ્વિક સ્તરે મંચ પુરૂ પાડનારી આ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી મોદી ક્રિએટોસ્ફિયરની પણ મુલાકાત લેશે અને 32 ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જમાંથી પસંદ કરાયેલા સર્જકો સાથે વાર્તાલાપ પણ કરશે.

# CABINET DECISION

કેન્દ્રીય મંત્રી મંડળે જાતીગત વસ્તી ગણતરી કરાવવાનો નિર્ણય કર્યો છે.ત્યારે કેબિનેટના આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભોપાલમાં મીડિયાને જણાવ્યું હતું કે, જાતિગત વસ્તી ગણતરી સંપૂર્ણ પારદર્શિતા સાથે હાથ ધરવામાં આવશે.

## (બાઇટ- શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય મંત્રી)

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો.

## (બાઇટ- રાહુલ ગાંધી, વિપક્ષા નેતા)

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ દેશમાં જાતિગત વસ્તી ગણતરી કરાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું કે, આ એક સકારાત્મક પહેલ છે. જાતિગત વસ્તી ગણતરી વિવિધ વર્ગોની સાચી સંખ્યા જાહેર કરશે અને તેના પરિણામો વિકાસ યોજનાઓના નિર્માણ અને તેમના ઉત્થાનમાં મદદ કરશે. શ્રી નીતિશ કુમારે આ નિર્ણય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો.

# AIR SPACE

પહેલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાની એરલાઇન્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. હવાઈ ક્ષેત્ર બંધ 23મે સુધી અમલમાં રહેશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે માહિતી આપી કે, આ સમયગાળા દરમિયાન પાકિસ્તાનમાં નોંધાયેલા, પાકિસ્તાની એરલાઇન્સ દ્વારા સંચાલિત, માલિકીના અથવા ભાડે લીધેલા વિમાનો અથવા લશ્કરી વિમાનો સહિત ઓપરેટરો માટે ભારતીય હવાઈ ક્ષેત્ર ઉપલબ્ધ નથી. પાકિસ્તાની એરલાઇન્સને ભારતીય હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકતી નોટિસ ટુ એરમેન (NOTAM) જારી કરવામાં આવી છે.

# INDIA-EGYPT--MEETING-ON-COUNTER-TERRORISM

ભારત-ઇજિપ્ત આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથની ચોથી બેઠક ગઈકાલે ઇજિપ્તના કૈરોમાં યોજાઈ હતી. બંને દેશો રાજદૂતોના નેતૃત્વમાં યોજાયેલી આ બેઠકમાં વિવિધ એજન્સીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, બેઠક દરમિયાન ભારત અને ઇજિપ્તે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે. ઇજિપ્તે આતંકવાદનો સામનો કરવામાં ભારતને પોતાનો સંપૂર્ણ ટેકો આપ્યો છે. બંને દેશો મની લોન્ડરિંગ વિરોધી, ડ્રગ હેરફેર અને સંગઠિત અપરાધમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવા અને તાલીમ તથા ક્ષમતા નિર્માણને વધુ ગાઢ બનાવવા સંમત થયા હતા.

# GUJARAT FOUNDATION DAY

ગુજરાત આજે તેના સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે. ભાષાકીય આધાર પર મુંબઇ રાજ્યથી અલગ થયા બાદ પહેલી મે 1960ના રોજ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું હતું. સ્થાપના દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે યોજાશે. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો વિશેષ અહેવાલ:

**(વોઇસ કાસ્ટ – અપર્ણા ખૂંટ)**

# MAHA-FOUNDATION DAY

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, મહારાષ્ટ્ર દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે અને આગામી દિવસોમાં તે માત્ર દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં પણ એક વિકસિત રાજ્ય બનશે. તેમણે મહારાષ્ટ્ર દિવસ અને મજૂર દિવસ પર રાજ્યના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સહિયારા પ્રયાસો અને સહયોગ દ્વારા વધુ પ્રગતિશીલ અને સમૃદ્ધ રાજ્ય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી ફડણવીસે ઉમેર્યું કે, મહારાષ્ટ્રે છેલ્લા 65 વર્ષમાં ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, કલા, રમતગમત, સાહિત્ય અને સામાજિક ન્યાય જેવા ઘણા ક્ષેત્રોમાં અદભુત પ્રગતિ કરી છે. મુખ્યમંત્રીએ પોતાના સંદેશમાં છત્રપતિ શિવાજી મહારાજ, મહાત્મા જ્યોતિરાવ ફૂલે, ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે, રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ, બંધારણના ઘડવૈયા, બાબાસાહેબ આંબેડકર અને અન્ય તમામ મહાન સમાજ સુધારકોને શ્રદ્ધાંજલિ આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# MP STUBBLED BAN

મધ્યપ્રદેશમાં સરકારે પરાળી બાળવા પર પ્રતિબંધ મૂક્યો છે. કાપણી પછી ખેતરોમાં પરાળી બાળવાના કેસોમાં વધારો થવાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે જો કોઈ ખેડૂત પોતાના ખેતરમાં પરાળી બાળે છે, તો તે ખેડૂતને મુખ્યમંત્રી કિસાન કલ્યાણ યોજનાનો લાભ આપવામાં આવશે નહીં.

# J&K: HAJ FIRST FLIGHT

જમ્મુ અને કાશ્મીરમાં, હજ સમિતિએ આ વર્ષે શ્રીનગરથી હજ યાત્રા માટે રવાના થનારા પ્રથમ બેચ માટે ફ્લાઇટનું સમયપત્રક જાહેર કર્યું છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, પ્રથમ ફ્લાઇટ ચોથી મેના રોજ ઉડાન ભરશે. આ ફ્લાઇટમાં મુસાફરી કરનારા યાત્રાળુઓને પ્રસ્થાનના દિવસે સવારે 5:00 થી 5:30 વાગ્યાની વચ્ચે શ્રીનગરના બેમિના સ્થિત હજ હાઉસ ખાતે જાણકારી આપવા સૂચના આપવામાં આવી છે.

સમિતિએ જણાવ્યું કે, બાકીના યાત્રાળુઓ માટે ફ્લાઇટ શેડ્યૂલ અલગથી જાહેર કરાશે. આ વર્ષે સરકારી ક્વોટા હેઠળ જમ્મુ અને કાશ્મીરના ત્રણ હજાર 600 થી વધુ યાત્રાળુઓ હજ યાત્રાએ જશે.

# UN-CHIEF-SUDAN

સંયુક્ત રાષ્ટ્ર સંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે સુદાનમાં તાત્કાલિક હિંસા બંધ કરવાની હાકલ કરી છે. તેમણે સુદાનમાં ચાલી રહેલી

હિંસાને સમાપ્ત કરવામાં મદદરૂપ થવા આંતરરાષ્ટ્રીય સમુદાયને વિનંતી કરી. ઉલ્લેખનીય છે કે બે અઠવાડિયા પહેલા દુષ્કાળગ્રસ્ત ઝમઝમ અને અબુ શૌક વિસ્થાપન શિબિરો પર થયેલા હુમલામાં સેંકડો નાગરિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

# US-UKRAINE-MINERAL-DEAL

અમેરિકા અને યુક્રેને આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે . આ કરાર મુજબ યુક્રેન માટે સંયુક્ત ભંડોળના બદલામાં અમેરિકાને કિવના દુર્લભ ખનિજો સુધી પહોંચવાની મંજૂરી આપશે. અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટની યાદીમાં જણાવાયું છે કે બંને દેશોએ પરસ્પર પુનર્નિર્માણ રોકાણ ભંડોળ બનાવવા માટે સંમતિ આપી છે જે નવી કુદરતી સંસાધન પરમિટમાંથી યુક્રેનને મળતા નફા અને રોયલ્ટીના 50 ટકા પ્રાપ્ત થશે.

# BANGLADESH HC

બાંગ્લાદેશ સુપ્રીમ કોર્ટે રાજદ્રોહના કેસમાં ઇસ્કોનના ભૂતપૂર્વ સાધુ અને બાંગ્લાદેશ સંમિલિતો સનાતની જાગરણ જોટેના પ્રવક્તા ચિન્મય કૃષ્ણ દાસને જામીન આપવાના હાઇકોર્ટના આદેશ પર મનાઇ હુકમ ફરમાવ્યો છે. સુપ્રીમ કોર્ટના અપીલ વિભાગના ન્યાયાધીશ, ન્યાયાધીશ રેઝાઉલ હકે ગઈકાલે હાઈકોર્ટે તેમને જામીન આપ્યાના કલાકો પછી રાજ્યના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી કર્યા પછી સ્ટે આપ્યો હતો..

# IPL CRICKET

IPL T20 ક્રિકેટમાં, ગઈકાલે રાત્રે ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે, પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સ ને 4 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ, ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ 19.2 રનમાં 190 રનમાં ઓલઆઉટ થઈ ગઇ હતી. CSK માટે, સેમ કુરન 47 બોલમાં સૌથી વધુ 88 રન બનાવ્યા અને ડેવાલ્ડ બ્રેવિસે પણ 26 બોલમાં 32 રનનું યોગદાન આપ્યું હતુ

પંજાબ કિંગ્સ તરફથી સ્પિનર યુઝવેન્દ્ર ચહલે 4 વિકેટ લીધી, જ્યારે અર્શદીપ સિંહ અને માર્કો જાન્સેનએ 2-2 વિકેટ ઝડપી હતી. પંજાબ કિંગ્સે બે બોલ બાકી હતા ત્યારે જ છ વિકેટે 194 રન બનાવીને મેત જીતી લીધી હતી. પ્લેયર ઓફ ધ મેચ બનેલા સુકાની શ્રેયસ ઐયરે 41 બોલમાં 72 રન કર્યા હતા, જ્યારે ઓપનર પ્રભસિમરન સિંહે અડધી સદી ફટકારી હતી. CSK માટે, ખલીલ અહેમદ અને મથીશા પથિરાનાએ 2-2 વિકેટ લીધી.

આજે, રાજસ્થાન રોયલ્સ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

ગયા વર્ષે 25 નવેમ્બરના રોજ ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ કરવામાં આવી હતી આ ધરપકડ બાદ બાંગ્લાદેશ હાઈકોર્ટે ચિન્મય કૃષ્ણ દાસને જામીન આપ્યા હતા.

# હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

## હવે જોઇએ આજના અખબારોના મુખ્ય સમાચાર

1) આજના તમામ અખબારોએ કેન્દ્રીય મંત્રી મંડળના જાતી આધારિત વસ્તી ગણતરી કરવાના નિર્ણયના સમાચારની હેડલાઇન બનાવી છે.

2) સરકારે અચાનક જ જાતિગત વસ્તી ગણતરી ની જાહેરાત કરી આ નવગુજરાત સમયની હેડલાઇન છે

3) દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે આઝાદ ભારતના ઇતિહાસમાં પહેલીવાર , હવે ઘરેઘરે જઇને જાતિ પૂછશે કેન્દ્ર સરકાર

4) ગુજરાત સમાચારની હેડલાઇન છે કે હવે વસતી ગણતરી જ્ઞાતિવાદના આધારે થશે

5) સંદેશની હેડલાઇન છે કે મોદી સરકાર જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી કરાવશે

6) ફૂલછાબે પણ લખ્યુ છે કે દેશણાં જાતિગત જનગણના થશે

7) તમામ અખબારોએ કવર કરેલા અન્ય સમાચારોમાં પાકિસ્તાન માટે ભારતે એરસ્પેસ બંધ કરી , સરહદ પર પાકિસ્તાનના સતત યુધ્ધ વિરામ ભંગ બદલ હોટલાઇન દ્વારા ભારતે પાકિસ્તાને ચેતવણી આપી , અમૂલદૂધમાં લીટરે રૂપિયાના બેનો વધારો ઝિંક્યો જેવા સમાચાર પણ પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે

8) રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં કનિજ પાસેની મેશ્વો નદીમાં ડૂબી જતાં છના મોત , ચંડોળા તળાવનો કાંકરિયાફ્રન્ટ લેકની તર્જ પર વિકાસ કરવાના જેવા સમાચાર વાંચવા મળી રહ્યાં છે.

9) જ્યારે સ્પોર્ટસ પેજ ઉપર આઇપીએલની મેચમાં ચેન્નઇનો પરાજયના સમાચાર પણ તસવીર સાથે તમામ અખબારોએ છાપ્યાં હતાં.